**મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.**
**ફોજદારી કેસ નં.૭૫૩/૨૦૨૩.**

**આંકઃ–૮**

**ફરિયાદીઃ–** **ગુજરાત સરકાર વતી એન.શ્રીધરા**
**સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબુદી)**
**અધિનિયમ–૧૯૭૦ અન્વયેનાં નિરીક્ષક,**
નાયબ શ્રમ આયુક્તની કચેરી, બીજો માળ, શ્રમ ભવન,
ખાનપુર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**આરોપીઃ-** **મેસર્સ રરે હોસ્પિટાલીટી એન્ડ સર્વિસીસ પ્રા.લી.**
**શ્રી ઈડવર્ડ અમબોર્સ ડીસોઝા (ડાયરેક્ટરશ્રી)**
**રહે.**ગુજરાત યુર્નિવસીટી રોડ,અમદાવાદ

**ગુન્હોઃ– કોન્ટ્રાક્ટ લેબર એક્ટ ૧૯૭૦ અને કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબુદી)(ગુજરાત ) નિયમો, ૧૯૭૨ હેઠળ નાં ભંગ બદલ કલમ–૨૩,૨૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો.**

---

ફરિયાદી તરફેઃ–
આરોપી તરફે :– વિ.વ.શ્રી કે.બી.ગોડ

---

**––:: હુ ક મ ::–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી તા.૨૯–૧૧–૨૦૨૧ નાં રોજ તહોમતદાર સંસ્થાની મુલાકાત લેતા, કોન્ટ્રાકટ લેબર એક્ટ ૧૯૭૦ અન્વયેનાં **નિયમ–૮૧(૧)(૧),૨૫,૨૫(૨)(૮),૬૫** નો ભંગ કરેલ હોવાથી ફરિયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં અત્રેની કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત ધ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી ગીરધારી કુમાર** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લ ેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી ગીરધારી કુમાર** ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમતદાર વતી તેમનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી ગીરધારી કુમાર** પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ઘ્યાનમાં લેતાં, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયના હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂઘ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ઘ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>––:: હુ ક મ ::––</u>**

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે કોન્ટ્રાકટ લેબર એકટ **૧૯૭૦ હેઠળના નિયમ–૮૧(૧)(૧),૨૫,૨૫(૨)(૮),૬૫** ના **ભંગ** બદલ **કલમ–૨૩ અને ૨૪** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને દરેક નિયમ ભંગ બદલ રૂા.૫,૦૦/– લેખે કુલ–૪ નિયમ ભંગ બદલ કુલ **રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ,** અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી તરફે ઓથોરાઈઝડ પરસન **શ્રી ગીરધારી કુમાર** દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ જરૂરી નિયમોની ક્ષતિની પુર્તતા કરી દિન–૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

૪) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯–૦૯–૨૦૨૩ નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખઃ– તા.૦૯–૦૯–૨૦૨૩
સ્થળઃ અમદાવાદ

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

M.F.PARMAR(P.A)